ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૧૭.૦૨.૨૦૧૮

------------------

**ગુજરાતની ૭૫ નગરપાલિકાઓમાં શાંતિપૂર્ણ મતદાન કરી ફરી એક વખત ભાજપાની વિકાસલક્ષી રાજનીતિને સમર્થન આપવા બદલ ગુજરાતની જનતાનો હૃદયપૂર્વક આભાર**

**– શ્રી જીતુભાઇ વાઘાણી**

------------------

ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાતની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપા તરફી શાંતિપૂર્ણ રીતે મતદાન કરવા બદલ મતદારોનો આભાર માનતા જણાવ્યું હતુ કે, મતદારોએ ભાજપાની અવિરત વિકાસ યાત્રાને સમર્થન આપી ઉત્સાહપૂર્વક મતદાન કર્યું છે અને ગુજરાત વિધાનસભામાં સતત છઠ્ઠી વખત હારેલી કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને પ્રજાએ જાકારો આપ્યો છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં હકારાત્મક અને પ્રમાણિક રાજનીતિના નવા યુગનો પ્રારંભ થયો છે ત્યારે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતના ગામડાઓ, નગરો અને શહેરો સર્વાંગી વિકાસની નવી ઉંચાઇઓ પ્રાપ્ત કરી રહ્યા છે. આવનાર મતગણતરીના દિવસે ગુજરાતની જનતાના આશીર્વાદથી નગરપાલિકાઓમાં ભાજપાનું કમળ સોળે કળાએ ખીલી ઉઠવાનું છે. અંતમાં શ્રી વાઘાણીએ ભાજપાના સર્વે સમર્થકો તથા કાર્યકરોનો પણ આભાર માન્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ